# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-11-2024** **EVENING : 7.10 to 7.20**
**Day: THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1) **રાજ્યમાં ચાર કંપનીઓ સેમિ-કન્ડક્ટર્સ ચીપનું નિર્માણ કરશે – 53 હજારથી વધુ નવી રોજગારીનું સર્જન થશે**
2) **વાવ વિધાનસભાની પેટા-ચૂંટણી જીતવા તમામ રાજકીય પક્ષોનો પૂરજોશમાં પ્રચાર**
3) **ગાંધીનગરમાં ઝીકા વાઈરસનો આ વર્ષનો પહેલો કેસ નોંધાયો**
4) **રવિ પાકનું વાવેતર કરતાં ખેડૂતો માટે રાજ્ય સરકારે વિશેષ માર્ગદર્શિકા જાહેર કરી.**
5) **રાજ્યમાં આગામી પાંચ દિવસ બાદ મહત્તમ તાપમાનમાં એકથી 2 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની હવામાન વિભાગની આગાહી**
6) **અમદાવાદ સહિત રાજ્યભરમાં વસતા ઉત્તર ભારતીયોએ છઠ પૂજાની ઉજવણી કરી**

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# GUJARAT SEMI CONDUCTORS CHIP MAKING

રાજ્યમાં માઈક્રોન, ટાટા ઇલેક્ટ્રોનિક્સ, સીજી પાવર – રેનેસાસ અને કેયન્સ સેમિકોન જેવી કંપનીઓ સેમિ-કન્ડક્ટર્સ ચીપનું નિર્માણ કરશે. રાજ્યમાં આ ચાર કંપનીઓ અંદાજે એક લાખ 24 હજાર કરોડનું રોકાણ કરશે અને આ પ્રોજેક્ટ્સ થકી રાજ્યમાં 53 હજારથી વધુ નવી રોજગારીનું સર્જન થશે. એમ રાજ્યના સાયન્સ અને ટેક્નોલોજી વિભાગની યાદીમાં જણાવાયું છે.

કેન્દ્ર સરકારે સેમિ-કન્ડક્ટર અને ડિસ્પ્લે ફેબ્રિકેશન ઇકો-સિસ્ટમના વિકાસ માટે 76 હજાર કરોડનું બજેટ ફાળવ્યું છે. ટેક્નોલોજીના યુગમાં સેમિ-કન્ડક્ટર્સની માગને પહોંચી વળવા દેશમાં સેમિ-કન્ડક્ટર નીતિ અમલમાં મુકનાર ગુજરાત પ્રથમ રાજ્ય છે.

સાણંદ G.I.D.C. ખાતે કુલ 7 હજાર 500 કરોડ રૂપિયાથી વધુના પ્રોજેક્ટ ખર્ચ સાથે સીજી પાવર અને રેનેસાસ કંપની દ્વારા સેમિ-કન્ડક્ટર OSAT સુવિધાની સ્થાપના કરાશે. ઉપરાંત રાજ્ય સરકારે સાણંદમાં કેયન્સ સેમિકોનના પ્લાન્ટને પણ સ્થાપના માટે મંજૂરી આપી છે. આ પ્લાન્ટ દ્વારા 3 હજાર 300 કરોડ રૂપિયાના રોકાણ સાથે અંદાજે 60 લાખ ચિપનું પ્રતિદિન ઉત્પાદન કરાશે.

---

- (માહિતી ખાતા **Gandhinagar** - પ્રવેશ અડિએચા)

-(NAVIN)

# BANASKANTHA VAV BY ELECTION

બનાસકાંઠા જિલ્લામાં ખાલી પડેલી વાવ વિધાનસભાના પેટા-ચૂંટણીમાં જીતવા માટે તમામ રાજકીય પક્ષ પ્રચાર કરી રહ્યા છે. ભાજપના પ્રદેશ અધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રી સી. આર. પાટીલે ભાભર ખાતે બૂથ પ્રમુખ અને બૂથ સંયોજક તેમજ આગેવાનો સાથે બેઠક યોજી હતી. દરમિયાન પક્ષના અધ્યક્ષ સી. આર. પાટીલે જીતનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

**(બાઈટ- સી. આર. પાટીલ- પ્રદેશ અધ્યક્ષ, ગુજરાત ભાજપ)**

તો આ તરફ વાવ ખાતે કૉંગ્રેસ પક્ષે પ્રચારના ભાગરૂપે યોજેલી જનસભામાં ગુજરાત કૉંગ્રેસના અધ્યક્ષ અને રાજ્યસભા સાંસદ શક્તિસિંહ ગોહિલ, બનાસકાંઠાનાં સાંસદ ગેનીબેન ઠાકોર સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

**(બાઈટ - શક્તિસિંહ ગોહિલ, અધ્યક્ષ, ગુજરાત કૉંગ્રેસ)**

-----------------------------------------------------------------------

- (PTC- BANASKANTHA- PRAVESH)

-(NAVIN)

# VAAV VIDHAANSABHA-BETHAK

બનાસકાંઠાના કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીએ વાવ વિધાનસભા પેટા-ચૂંટણી અંગેની કામગીરીની સમીક્ષા કરી હતી. પાલનપુર ખાતે યોજાયેલી એક બેઠકમાં ચૂંટણી અધિકારીએ અન્ય અધિકારીઓની માર્ગદર્શન અને સૂચનો કર્યા. તેમણે મતદાનમથકો ખાતે વિશેષ પોલીસ બંદોબસ્ત સાથે વહીવટી તંત્ર ચૂંટણી માટે સજ્જ હોવાનું જણાવ્યું હતું.

---------------------------------------------------------------------

- રીટા દવે , ptc BANASKANTHA

-(NAVIN)

# GANDHINAGAR ZIKA VIRUS

ગાંધીનગરમાં ઝીકા વાઈરસનો પોઝિટિવ કેસ નોંધાયાના અહેવાલ છે. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, દિવાળી પહેલા સેક્ટર 5માં રહેતા વરિષ્ઠ નાગરિક ઝીકા વાઈરસમાં સપડાયા હતા. તેમનો રિપોર્ટ પુણે મોકલાતા રિપોર્ટ પોઝિટિવ આવ્યો હોવાનું જણાયું છે. હાલમાં દર્દીની તબિયત સારી હોવાથી તેમને હૉસ્પિટલમાંથી રજા અપાઈ છે.

આ અંગે પબ્લિક હેલ્થના અધિક નિદેશક ડૉ. નિલમ પટેલે જણાવ્યું કે, આરોગ્ય વિભાગે મચ્છરના નાશની કામગીરી હાથ ધરી હતી. 68 સગર્ભ મહિલાઓની ચકાસણી કરાતાં એકેય મહિલામાં ઝીકા વાઈરસના લક્ષણ દેખાયા નથી. તેમજ 474 ઘરની આસપાસ ફૉગિંગ કરાયું હતું. જોકે, રાજ્યમાં અત્યાર સુધી ઝીકા વાઈરસના માત્ર 5 કેસ નોંધાયા છે.

## (ઑડિયોઃ ડૉ. નિલમ પટેલ, અધિક નિદેશક, પબ્લિક હેલ્થ)

---

- (પીટીસી- **Gandhinagar** - પ્રવેશ અડિએચા)

-(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................

# MISSION MILAAP-HARSH SANGHVI

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ વલસાડ પોલીસના વિશેષ સંવેદનશીલ અભિયાન 'મિલાપ' એટલે કે, ગુમ અને અપહરણ કરાયેલા લોકોને શોધવા માટેના અભિયાનના કાર્યની પ્રશંસા કરી અભિનંદન આપ્યા છે. પોલીસે 10 માસમાં ગુમ અને અપહરણ કેસના 400 લોકોનું પરિવાર સાથે મિલન કરાવ્યું છે.

રાજ્યના પોલીસ વડાની સુચનાથી વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ. કરણરાજ વાઘેલાના માર્ગદર્શન હેઠળ જાન્યુઆરીથી શરૂ કરાયેલા આ અભિયાન અંતર્ગત છેલ્લા 16 વર્ષથી ગુમ થયેલા લોકોના પરિવારના સભ્યોનો સંપર્ક કરીને સાક્ષીઓના નિવેદનોને આધારે રાજ્ય તેમજ રાજ્ય બહાર અલગ અલગ ટીમો દ્વારા શોધખોળ કરવામાં આવી હતી.

જિલ્લાના ગુમ કે અપહરણ થયેલા વ્યક્તિઓ પૈકી મળી આવેલા 400 વ્યક્તિઓમાં 76 સગીરા અને 36 સગીર બાળકો મળી 18 વર્ષથી નાના 112 બાળકોનો સમાવેશ થાય છે.

---------------------------------------------------------------------

- રીટા દવે , ઇન્ફો

-(NAVIN)

# RAVI PAK MARGDARSHIKA

રાજ્ય સરકારની ખેતી નિયામક કચેરીએ રવિ પાકનું વાવેતર કરતાં ખેડૂતો માટે એક વિશેષ માર્ગદર્શિકા જાહેર કરી છે. દિવાળી પછી શરૂ થતી રવિ મોસમમાં ખેડૂતોએ રવિ પાકનું વાવેતર શરૂ કર્યું છે. જ્યારે કેટલાક ખેડૂતો વાવેતરની તૈયારી કરી રહ્યા છે. જોકે, રાજ્યમાં હાલમાં દિવસ દરમિયાન તાપમાન વધુ રહેવાથી ખેડૂતોએ વાવેતર સમયે વિશેષ સાવચેતી રાખવી જરૂરી છે તેમ માર્ગદર્શિકામાં જણાવાયું છે.

માર્ગદર્શિકા અનુસાર, ખેડૂતોએ શિયાળુ પાકના વાવેતર માટે ચણા, રાઈ, લસણ, જીરું, ઘઉં, ધાણા, ડુંગળી અને મેથી પાકનો ઉચ્ચ ગુણવત્તા ધરાવતો બીજવારો અગાઉથી જ મેળવી લેવો જોઈએ. તેમજ ગરમ તાપમાનના સમયગાળા દરમિયાન રવિ પાકોનું વાવેતર ટાળવાની પણ સલાહ આપવામાં આવી છે.

ખેડૂતો ભારત સરકારની મેઘદૂત મૉબાઈલ એપ્લિકેશનના માધ્યમથી કૃષિ હવામાન માર્ગદર્શિકા સેવાઓ અને આગાહી જાણી શકશે.

---------------------------------------------------------------------

- *(માહિતી ખાતા **Gandhinagar** - પ્રવેશ અડિએચા)*

-(NAVIN)

# MAHISAGAR-NQAS CERTIFICATE

મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના મોટી સરસણ આયુષ્યમાન આરોગ્ય મંદિરને NQAS એટલે કે નેશનલ ક્વોલિટી એસયોરન્સ સ્ટાન્ડર્ડ સર્ટિફિકેટ મળ્યું છે. છેવાડાના ગામો સુધી આરોગ્યક્ષેત્રે કરેલા કાર્ય અંગે 93.01 ટકા મેળવવા બદલ આરોગ્ય મંદિરને આ સન્માન અપાયું છે. આ સિધ્ધિ મેળવવા બદલ જિલ્લા આરોગ્ય અને વહીવટી તંત્રએ આરોગ્ય કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા છે.

ઉલ્લેખનીય છે કે ગત સપ્ટેમ્બર માસમાં રાષ્ટ્રીય કક્ષાની ટીમ દ્વારા મોટી સરસણ આયુષ્યમાન આરોગ્ય મંદિરની ઓપીડી, દવાઓ, ઈમરજન્સી, સગર્ભા માતા અને શિશુ સંભાળ સહિત વિવિધ બાર વિભાગોની ગુણવતાસભર સેવાઓ અંગેની ચકાસણી કરવામાં આવી હતી.

-------------------------------------------------------------------

- રીટા દવે , **MAHISAGAR** ઇન્ફો -(NAVIN)

# WEATHER

રાજ્યના હવામાન વિભાગે આગામી પાંચ દિવસ બાદ મહત્તમ તાપમાનમાં એકથી 2 ડિગ્રી સેલ્સિયસ ઘટાડો થવાની આગાહી કરી છે. હવામાન વિભાગના નિદેશક એ. કે. દાસે જણાવ્યું કે, આગામી 5 દિવસ કેટલાક જિલ્લાઓમાં લઘુત્તમ તાપમાન એકાદ ડિગ્રી સેલ્સિયસ ઘટી શકે છે. જ્યારે હજી પણ નવેમ્બર મહિનાના પહેલા પખવાડિયા સુધી લઘુત્તમ અને મહત્તમ તાપમાન સામાન્યથી વધુ રહેવાની શક્યતા છે.

શ્રી દાસે કહ્યું કે, છેલ્લા 24 કલાકમાં 39.1 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે ડીસા રાજ્યનું સૌથી ગરમ તો 19.5 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન સાથે નલિયા સૌથી ઠંડુ શહેર રહ્યું છે.

---------------------------------------------------------------------

- (PTC- AHMEDABAD- PRAVESH)

-(NAVIN)

# GUJARAT CHHATH PUJA

અમદાવાદ સહિત રાજ્યભરમાં વસતા ઉત્તર ભારતીયો દ્વારા છઠ પૂજાની વિશેષ ઉજવણી કરવામાં આવી. અમદાવાદના રિવરફ્રન્ટ ખાતે છઠ પૂજાની ઉજવણી દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ પૂજા ઘાટ ખાતે પહોંચ્યા હતા. મહિલાઓએ નદી કાંઠે સૂર્યદેવની પૂજા કરી તેમને અર્ઘ્ય આપ્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ સૌને નવા વર્ષની શુભેચ્છા પાઠવતા કહ્યું કે, દેશભરમાં આ દિવાળીનો વિશેષ મહોત્સવ ઉજવાયો. તેમણે ઉમેર્યું કે, આમ તો દિવાળીના તહેવારો લાભ પાંચમે પૂરા થાય છે. જ્યારે બિહારમાં છઠનો તહેવાર શરૂ થયો છે.

રાજ્યના વિવિધ જિલ્લાઓમાં સાંજના સમયે વ્રત કરનારી મહિલાઓએ નદીના પાણીમાં અને તૈયાર કરાયેલા કુંડમાં ઉભા રહીને સાંજે આથમતા સૂર્યને અર્ઘ્ય આપ્યું હતું. આવતીકાલે સવારે પોણા સાત વાગ્યે ઉગતા સૂર્યને અર્ઘ્ય આપવાની સાથે ચાર દિવસ ચાલનારા છઠ પર્વનું સમાપન થશે.

---------------------------------------------------------------------

- (PTC- AHMEDABAD- PRAVESH)

-(NAVIN)

# CANCER JAGRUTI DIVAS-AHMEDABAD

અમદાવાદમાં આજે ધી ગુજરાત કૅન્સર એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટયૂટ દ્વારા રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસની ઉજવણી કરવામાં આવી.

ભારતમાં કેન્સરના નિદાન અને સારવારના મહત્વ વિશે જનજાગૃતિ વધારવા દર વર્ષે ૭મી નવેમ્બરે આ દિવસ મનાવવામાં આવે છે. આ અંતર્ગત અમદાવાદમાં અસારવા સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં 'શક્તિ, આશા અને જીત કૅન્સર વિજેતાઓને સલામ' એ વિષયવસ્તુ પર કૅન્સર જાગૃતિ દિવસ મનાવ્યો.

આ પ્રસંગે કાર્યક્રમને સંબોધતા GCRI ના નિદેશક ડૉ. શશાંક પંડ્યાએ જણાવ્યું કે, સમયસર સારવારથી કેન્સર સામે વિજય મેળવી શકાય છે.

આ પ્રસંગે કેન્સરને હરાવનારા દર્દીઓએ પોતાની સંઘર્ષ ગાથ લોકો સમક્ષ રજુ કરી હતી.

ઉલ્લેખનીય છે કે ૧૦ વર્ષથી વધુ સમયથી કૅન્સર સામે લડી રહેલા ૧૦૦ થી વધુ કેન્સર વિજેતા દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------

- રીટા દવે , DD NEWS

-(NAVIN)